સિસોદિયાની હાજરીમાં સવાણીએ આપનો ખેસ પહેર્યો

# ઉદ્યોગપતિ મહેશ સવાણી આમ આદમી પાર્ટીમાં જોડાયા

## સવાણી ભાજપનો સાથ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાતા સુરતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે

સુરત,તા.૨૭

આમ આદમી પાર્ટી ધીરે-ધીરે ગુજરાતમાં પોતાનો પગ જમાવવાનો પ્રયાસ કરી રહી છે. તેના ભાગરૂપે પહેલા પહેલા અરવિંદ કેજરીવાલ ગુજરાત આવ્યા હતા અને હવે મનીષ સિસોદિયા ગુજરાતમાં આવ્યા છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા આજે સુરતની



મુલાકાતે છે. ત્યારે તેમની હાજરીમાં સુરતના જાણીતા ઉદ્યોગપતિ મહેશ સવાણી આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. તેમણે 'આપ'નો ખેસ પહેર્યા બાદ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર પ્રત્યે ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. મહેશ સવાણી ભાજપનો સાથ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાતા સુરતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આપમાં જોડાયા બાદ મહેશ સવાણીએ કહ્યું કે, મેં ૫૧ વર્ષે રાજકારણમાં પ્રવેશ કર્યો છે. મેં નવા ઘરમાં જવાનું પસંદ કર્યું. ગુજરાતનું કામ કરવા રાજકારણમાં આવી રહ્યો છું. મને હેરાન કરશે તેવું પણ અનેક લોકોએ કહ્યું. પણ મેં નક્કી કર્યું છે કે, ભલે મારે જેલમાં જવું પડશે, ભલે બે-બે ગોળી મારી દેશે. મેં નવી જમીન પસંદ કરી છે. ગોળી ખાવાનું પસંદ કરીશ. પણ મને નાના વર્ગની પીડા ખબર છે. સમાજના કામ કરવામાં પણ રાજકારણ આવે છે.' તેમણે કહ્યું કે, ' હું દરેક સમાજ નો છું, સમાજ સેવામાં માનવાવાળો માણસ છું. છેલ્લા બે ત્રણ મહિનામાં જોયું એટલે મેં આ ખુલ્લો પ્લોટ પસંદ કર્યો છે. મહેશ સવાણીને પાર્ટીમાં આવકારતા મનીષ સિસોદિયાએ કહ્યું કે, સીએમ કોણ હશે તે ચૂંટણી સમયે જોવાશે. અમારા નગરસેવકોએ ખૂબ સારું કામ કર્યું છે. હજી અનેક લોકો ભાજપ છોડી આપમાં જોડાશે. બીજેપી એટલે ભાજપ ઝઘડા પાર્ટી. ભાજપ બધા સાથે લડે છે. ભાજપ શિક્ષણ સમિતિની લૂંટ ચલાવવા માંગે છે. આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાનું આજે સવારે ૭ વાગ્યની આસપાસ સુરત એરપોર્ટ પર આગમન થયું હતું. ત્યારબાદ સિસોદિયા સર્કિટ હાઉસ ખાતે પહોંચ્યા હતા. જ્યાં આપના નેતાઓ સાથે લાંબી મિટિંગ ચાલી હતી. ત્યારબાદ મહેશ સવાણી આમ આદમી પાર્ટીમાં જોડાયા હોવાની જાહેરાત કરવામાં આવી હતી. મહેશ સવાણીના 'આપ'માં જોડાવાથી પાર્ટીને આર્થિકની સાથે-સાથે પાટીદાર મતોનો પણ ફાયદો મળવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. મહેશ સવાણી સુરતના જાણીતા પાટીદાર ઉદ્યોગપતિ છે. તેઓ મૂળ ભાવનગરના જિલ્લાના રાપરડા ગામના વતની છે અને પીપી. સવાણી ગ્રુપના સંચાલક છે. ડાયમંડ, એજ્યુકેશન, રિયલ એસ્ટેટના બિઝનેસ સાથે સંકળાયેલા છે.



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ધર્મપત્ની અંજલીબેન રૂપાણી સાથે સોમનાથ મહાદેવના દર્શન કર્યા, પરીવાર સાથે સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા મહાપૂજન કરી ધન્ય બન્યા હતા. આ પ્રસંગે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા તેમનુ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

સરકાર એક્શન મોડમા આવે

# કોરોનાકાળમાં પણ લોનથી ટુ-વ્હીલર લેનારા મધ્યમ વર્ગ પર હપ્તા વસૂલી માટે દાદાગીરી- માનસિક ત્રાસ

ગાંધીનગર, તા.૨૭

કોરોનાકાળે ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક પ્રકારે વેપાર-ધંધા, ઔદ્યોગિક ક્ષેત્રને ભારે તકલીફમાં મૂકી દીધા છે. જેની સૌથી મોટી અસર તેની સાથે જોડાયેલા દરેક માનવીને થવા પામી છે. બજારોમાં માંગના અભાવે મંદી વ્યાપ્ત બની છે. પરિણામે અનેકોએ રોજગારી ગુમાવી છે તો અનેકોએ નોકરી ગુમાવી છે તો અનેકોના પગાર કાપ કરી નાખવામાં આવ્યા છે. રાજ્ય સરકારે બજારોની રોનક પનઃ ધમધમતી થાય તે માટે અનેક પગલાં ભર્યા છે. પરંતુ મંદીને કારણ બજારોની રોનક અગાઉ જેવી જામતી નથી અને તેનું કારણ છે સામાન્ય લોકોના ખિસ્સા માં પૈસા નથી

સરકારનું ધ્યાન લોનથી ટુ વ્હીલર ખરીદનારાઓની પરિસ્થિતી પર ગયું નથી બીજી તરફ હપ્તા વસુલી માટે જે તે બેંકો કે ફાયનાન્સિયરો પર ધ્યાન નથી ગયું અને તે કારણે સરકારે કોઈજ પગલાં લીધાં નથી. જેના પરિણામ સ્વરૂપ બેંકો, ફાયનાન્સિયરો માનવતા ચૂકી ગયા છે અને જે તે લોનથી વાહન ખરીદનારાઓ પાસે લોન વસુલાત કરવા વિવિધ રીતે દાદાગીરી કરવા સાથે માનસિક ત્રાસ આપી રહ્યા છે. તાજેતરમાં જ એક ઘટના બહાર આવી છે જેમાં એક મહિલાએ લિવોના ડીલર પાસેથી લીલો ટુવ્હિલર હપ્તેથી લીધું હતું. ડીલરના ધંધાનાં સ્થળ ઉપર જ બેંકના માણસોએ લોન પેપર તૈયાર કરી આપીને વાહન આપવામાં આવતા હતા જેમાં આ બહેને લીવો ટુવ્હિલર લોનથી લીધું હતુ તથા છ થી સાત લોન હપ્તા નિયમિત ભર્યા હતા. રાજ્યમાં પ્રતિબંધના તમે આદેશો આવી પડતાં પગાર બંધ થયા અને જ્યા નોકરી કરતા હતા તેમણે આ બ્હેનને છુટા કરી દીધા પરિણામે પ્રતિબંધનાત્મક આદેશ દરમ્યાન હપ્તા ભરી શક્યા નહીં. અને સરકારે પ્રતિબંધનાત્મક આદેશો હટાવી લેતાજ બેંકોએ નાના લોન લેનારાઓને ટાર્ગેટ બનાવવાનું શરૂ કરી દીધું. જેના કારણે અનેકો લોન પર વાહન લેનારાઓ પર વસૂલાત કરવા માનસિક ત્રાસ આપવાનુ શરૂ થઈ ગયું તો હતો ન ભરનારાઓને વાહન જમા લઈ લેવાની ધમકી આપવા લાગ્યા. જોકે લાખો રૂપિયાની લોન લેનારથી બેંકો વસુલાતની દાદાગીરી કરવામાં પાછા પડે છે.... ત્યારે આ બ્હેન પર હપ્તા ભરી જવા એલએનટી માંથી ફોન આવ્યો અને બ્હેને લોકડાઉનને કારણે હપ્તા નથી ભર્યા પરંતુ આગામી પહેલી તારીખથી હપ્તા ભરવા ખાતરી આપી. ફોન કરનાર તેની એક પણ વાત માનવા તૈયાર ન થયા અને સ્પષ્ટ કરી દીધું કે ગમે તેમ કરીને હપ્તો ભરી દો તમારી તકલીફ સાંભળ્યા બાદ અમારો જવાબ હશે હપ્તો ભરી દો... નહીં તો ગાડી લઈ જઈશું..... આખરે વાહન લેનારે કહી દીધું ભાઈ અત્યારે સગવડ નહીં થાય પહેલી તારીખથી રેગ્યુલર હપ્તા ભરીશુ....પરંતુ ફોન કરનાર માનવા તૈયાર ન થતાં...આખરે હારી, થાકી, કંટાળીને આ બ્હેને કહી દીધું કે ગાડી લઈ જજો આપની ઈચ્છા..... ત્યારે રાજ્ય સરકારે હવે આવા નાની લોન લેનાર માટે મદદે આવવાની જરૂર છે અને આકરી વસુલાત કરવાના દુષણને ડામવા યોગ્ય પગલાં ભરવાની જરૂર છે.. તેવી લોકલાગણી વ્યાપ્ત બની છે.

વડગામ તાલુકાના પેપોળ ગામના ઇતિહાસમાં પ્રથમ વાર

# પેપોળ યુવા સંગઠન દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



વડગામ, તા. ૨૭

વડગામ તાલુકાના પેપોળ ગામમાં પ્રથમવાર રક્તદાન કેમ્પ યોજાયો હતો.જેમા સૌ પ્રથમ પેપોળ ગામના ગુરુ બ્રાહ્મણ સમાજની શિક્ષિત મહીલા જ્યોત્સનાબેન જગદીશકુમાર શ્રીમાળી એ રકતદાન કરીને ગામની તથા સમાજની મહિલાઓ ને સ્વૈચ્છિક રક્તદાન કરવા પ્રેરણા રૂપ બન્યા હતા.ગામમા તમામ સમાજના યુવાનોએ સ્વૈચ્છિક રક્તદાન કરીને ગામની એકતાના દર્શન કરાવી તાલુકા ભરમાં ઈતિહાસ રચ્યો હતો.

ગામલોકો ને બ્લડની જરુરીયાત સમયે મદદરૂપ બનવા ગામના યુવાનો નું પ્રથમ આયોજન સફળ રહ્યું હતું.જેને વડગામ તાલુકા પંચાયત પ્રમુખ પરથીભાઇ ગોળ તથા વડગામ તાલુકા ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણાએ બિરદાવી સમગ્ર ગ્રામજનોની એકતાના ખુબ વખાણ કર્યા હતા.તાલુકા પંચાયત પ્રમુખશ્રી પરથીભાઈ ગોળે જણાવ્યું હતું કે તાલુકા અને જિલ્લા કક્ષાએ અનેક વખત સંગઠનો અને સંસ્થાઓ થકી રક્તદાન કેમ્પમાં યોજાયા છે.પરંતુ વડગામ તાલુકામાં ગ્રામજનોના સહીયારા પ્રયત્નો થકી રક્તદાન કેમ્પ યોજાયો હોય તે"પ્રથમ ગામ પેપોળ"હશે તેવું પ્રમુખશ્રી એ જણાવ્યું હતું.તાલુકા ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણાએ પેપોળ માં રકતદાન કેમ્પમાં સૌ પ્રથમ રક્તદાન કરનાર મહિલા જ્યોત્સનાબેન જગદીશભાઇ શ્રીમાળી ને શાલ તેમજ ૧૦૦ રુપિયા આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગામલોકો દ્વારા પણ ઉપસ્થિત મહાનુભાવો નું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

રકતદાન કેમ્પ ની સાથે સાથે પેપોળ પ્રાથમિક શાળામા પ્રાર્થના શેડનું ભુમી પુજન કરવામાં આવ્યું હતુ. રકતદાન પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ તથા તાલુકા ભાજપ પ્રમુખ ની સાથે જિલ્લા પંચાયત સદસ્ય સહીત ગામના અનેક આગેવાનો અને યુવાનો ઉપસ્થિત રહીને રક્તદાન કેમ્પ ને સફળ બનાવાયો હતો. સ્વૈચ્છિક રકતદાન કેમ્પમાં ૫૧ બોટલ એકત્ર કરાઈ હતી.

# ચાંદખેડામાંથી અપહરણ કરાયેલ બિલ્ડરનો છૂટકારો : પાંચની ધરપકડ

અમદાવાદ,તા.૨૭

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા બિલ્ડરનું કરોડો રૂપિયાની લેતી દેતીમાં બે શખ્સોએ અપહરણ કરી સુરેન્દ્રનગર જિલ્લાના રળોલ ગામે ગોંધી રાખ્યા હતા. અપહરણકારોએ બિલ્ડરને મુક્ત કરવા માટે રૂપિયા એક કરોડની ખંડણી માંગી હતી. બિલ્ડર પાસેથી બાવળાના ભાયલા ગામે નરેન્દ્રસિંહ રાઠોડને રૂ. ચાર-પાંચ કરોડ લેવાના નીકળતા હતા. જેથી નરેન્દ્રસિંહે સુરેન્દ્રનગર જિલ્લાના પરનાળા ગામે રહેતા ભરવાડ પાસે અપહરણ કરાવ્યું હતું. આ અંગે માહિતી મેળતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બિલ્ડરને સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે લીંબડીના રળોલ ગામેથી મુક્ત કરાવ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચે અપહરણ કરાવનાર મુખ્ય આરોપી અને આશરો આપનાર મળીને કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે અપહરણ કરનાર ત્રણ આરોપીઓ ફરાર છે.

ચાંદખેડા વિસ્તારમાં પ્રકાશ પ્રજાપતિ નામના બિલ્ડર પરિવાર સાથે રહે છે. પ્રકાશભાઈ કન્સ્ટ્રક્શન વ્યવસાય કરતા હોવાથી કરોડો રૂપિયાની લેતી દેતી થતી હોય છે. બાવળાના ભાયલા ગામે રહેતા નરેન્દ્રસિંહ રાઠોડને ચાર કરોડ જેવી રકમ લેવાની નીકળતી હોવાથી ૨૦ દિવસ પહેલા નરેન્દ્રસિંહે તેના સાગરિતો સાથે આવી ધમકી આપી હતી. શનિવારે વહેલી સવારે પ્રકાશભાઈ ઘરેથી નીચે કૂતરાને બિસ્કિટ ખવડાવવા ગયા ત્યારે બે શખ્સો પ્રકાશભાઈનું અપહરણ કરી ગયા હતા.

ત્યારબાદ અપહરણકારોએ પ્રકાશભાઈના ડ્રાઈવરને ફોન કરી કહ્યું હતું કે, પ્રકશભાઈ તેમના કબ્જામાં છે. એક કરોડ રૂપિયા સનાથલ ખાતે તેમના માણસને આપી જાવ. નરેન્દ્રસિંહ પૈસા માંગતો હોય તેને જ અપહરણ કર્યું હોવાને લઇ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચને જાણ કરતાં ડીવાયએસપી ડી.પી ચુડાસમાએ પીઆઈ ડી.બી બારડ અને તેમના સ્ક્વોડની ટીમે ડ્રાઈવરને આવેલા ફોન નંબર અને નરેન્દ્રસિંહ અંગે તપાસ શરૂ કરી હતી. બનાવ સ્થળના સીસીટીવી અને લોકેશન મેળવી તપાસ કરતા ચાંગોદર તરફ ગયા હતા. આ નંબર સુરેન્દ્રનગર જિલ્લાના પરનાળા ગામે રહેતા વાઘા ભરવાડનો હતો.

# ધાનેરા પોલીસે ધનેરા તાલુકાના ગોલા ગામથી દારુ ભરેલી ગાડી સાથે બે ઈસ્માઓની અટકાયત કરી



ધાનેરા પીઆઈ શ્રી બી વી પટેલની સૂચના મુજબ ધાનેરા પીએસઆઈ બી સી છત્રાલીયા અને પોલીસ સ્ટાફ ધાનેરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે સમય દરમ્યાન ધાનેરા તાલુકાના ગોલા ગામે સામેથી આવી રહેલ ફોર્ડ ફીયાસ્ટા ગાડી ને રોકવી તલાસી લેતા તેમાં એક ગુપ્ત ખાનું બનાવેલું હતું અને તેમાં દારૂની પેટીઓ ભરેલી હતી ત્યારે ધાનેરા પોલીસે ગાડી ચાલત સહીત અન્ય એક ઈસમ સાથે ગાડીને ધાનેરા પોલીસ મથક માં લાવી હતી ત્યારે ગાડીમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૨૨૯ મળી આવી હતી પોલીસે બંને લોકોની પૂછપરછ કરતા વિક્રમભાઈ બાબુભાઈ માજીરાણા અને રાજેશભાઈ લાલજીભાઈ માજીરાણા બંને રહે ડીસાના જાણવા મળ્યું હતું જયારે પોલીસે ગાડી દારૂ સહીત ૧.૨૫ લાખનો મુદ્દમાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# ધાનેરાની ગૌશાળામાં વૃક્ષરોપણ કાર્યક્રમ યોજાયો

ધનકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ ના સુમિતભાઈ જોશી અમે પ્રીતેશ રામલાલ સોની દ્વારા ધાનેરા ની ગૌસમૃદ્ધિ ગૌશાળા માં વૃક્ષારોપણ



કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધાનેરા રાજકીય અગ્રણીઓ આગેવાનો ડોકટરો સહિત સંતો અને લોકોએ ભેગા મળી દીપ પ્રાગટય કર્યું હતું અને તે બાદ ગૌ માતા નું પૂજન કરી કાર્યક્રમ ને ખુલ્લો મુક્યો હતો અને તે બાદ સંતો તેમજ આગેવાનો નું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ માં સંતોએ લોકો ને વૃક્ષો થી હું ફાયદા થાય તે માટે ની સમજ આપી હતી અને લોકો વધુ માં વધુ વૃક્ષો વાવી તેનો ઉછેર કરવા માટે અપીલ પણ કરી હતી ત્યારે શાસ્ત્રી જી જણાવ્યું કતું કે જો વૃક્ષોમાં પાણી રડયું હોત તો આજે કુલર માં પાણી રેડવાનો વારો ન અવોત અને જ્યારે પણ ઘરે બાળક નો જન્મ થાય તયારે બે વૃક્ષ વાવવા જોઈએ અને બાળક ની જેમ જ વૃક્ષ નો પણ ઉછેર કરવો જોઈએ જેથી કરીને આવનારા સમય માં આપણે મુશ્કેલી નો સામનો ન કરવો પડે તે બાદ સંતો મહનતો સહિત લોકો એ ભેગા મળી વૃક્ષારોપણ કર્યુ હતું અને વૃક્ષો ને ઉછેર વાનો સંકલ્પ પણ કર્યો હતો આ કાર્યક્રમ ધાનેરા ના આગેવાનો રાજકીય આગેવાનો સંતો મહનતો સહિત મોટી સંખ્યા માં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને ધનકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ ની કામગીરી ને બિરદાવી હતી

## પુરુષાર્થ જરૂરી

● અનુસંધાન ચેલ્લાનું ચાલુ

અભ્યાસની ભલામણોમાં વરસાદી પાણીના સંગ્રહની ક્ષમતામાં વધારો કરવા પર ભાર મુકવા ઉપરાંત તળાવો વધુને વધુ ઊંડા કરવામાં આવે તેમ કહેવામાં આવ્યુ છે.

જમીન સુધારણા પર પણ ભાર મુકતાં આ સર્વેની ભલામણોમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટે તેમજ બાયો ફર્ટિલાઈઝર, ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ વધુ થાય તેના પર ભાર મુકવા આગ્રહ કરવામાં આવ્યો છે. પાકની વાવણીમાં પણ ફેરબદલ થાય તે જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં વધુ અસરકારક પદ્ધતિને લઈ વધુ પ્રચાર-પ્રસાર કરવા ભલામણ કરાઈ છે.

સૌથી વધુ મહત્વની ભલામણ કરતાં જણાવાયુ છે કે કૃષિક્ષેત્રને સુએજનું રિટ્રીટ કરેલુ પાણી આપવુ જોઈએ જેથી ભૂતળના જળનો વપરાશ ઘટી શકે. પાકના અવશેષો કાપણી પછીના જે હોય છે તેનો સૂક્ષ્મ તત્વોનો ઉપયોગ કરી જમીનની ફળદ્રુપતામાં વધારો કરી શકાય. સિંચાઈની સુવિધાઓ થકી કૃષિક્ષેત્રને વધુ પાણી ઉપલબ્ધ કરવા પણ ભલામણ કરવામાં આવી છે.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગે આ અભ્યાસમાં કરાયેલી ભલામણો પણ મહત્વની છે. જેમાં સૂકો કચરો અને ભીનો કચરો તેને લઈ લોક-જાગૃતિ અભિયાન ચલાવવા પર ભાર મુકવામાં આવ્યો છે.

સેગ્રીગેશન કરેલા કચરાનો યોગ્ય નિકાલ ન થતો હોવાનો ઉલ્લેખ અભ્યાસમાં કરાયો છે. ખુલ્લામાં તેનો નિકાલ કરવો અને જાહેરમાં કચરો બાળવાની બાબતો ટાળવા તેમજ સોલિડ વેસ્ટને ડિકમ્પોઝી માટે વૈજ્ઞાનિક અભિગમ પર ભાર મુકવામાં આવે તે જરૂરી હોવાનું જણાવ્યુ છે.

ભીના કચરાને પણ ડીકમ્પોઝ કરવા અને ટ્રીટમેન્ટ કરી ખાતર બનાવવા તેમજ બાયોગેસના ઉત્પાદનમાં તેનો ઉપયોગ કરવાના વિકલ્પ પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. પર્યાવરણ સર્વેમાં એવુ જણાયુ છે કે ૮૦ ટકા લોકો બળતરણમાં કેરોસીન અને એલ.પી.જી. વાપરી રહ્યા છે પણ ૨૦ ટકા લોકો આજેય બળતરણમાં લાકડાનો ઉપયોગ કરી રહ્યા છે. આ લોકોને ઈકોફ્રેન્ડલી ઈંધણથી આવરી લેવા જોઈએ.

પશુધનના આરોગ્ય માટે પ્રા.આ.ની સુવિધાઓનું સઘનીકરણ કરવામાં આવે તે ખુબ જરૂરી છે તેમ પણ અભ્યાસને અંતે કરાયેલી ભલામણમાં કહેવાયુ છે.

સર્વે દરમ્યાન બે ગામોમાં ૯૦ ટકા સુધી સુએજ લાઈનોનું કામ પૂર્ણ થયેલુ છે તેને ૧૦૦ ટકા સુધી લઈ જવુ જોઈએ. જિલ્લામાં રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણનું યોગ્ય મૂલ્યાંકન થાય તે પણ જરૂરી હોવાનો આગ્રહ કરી પંચાયતી રાજ સંસ્થા ગ્રામ પંચાયતોના સશક્તિકરણની ભલામણ કરાઈ છે.

પંચાયતોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, મિશન અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી રૂરલ ડેવલપમેન્ટ ફેલોશીપ, પ્રધાનમંત્રી આવાસ યોજના, સાંસદ આદર્શ ગ્રામ યોજના, નેશનલ રૂર્બન મિશન જેવી યોજનામાં સક્રિય ભાગીદાર બનાવી તેનુ યોગ્ય મોનીટરીંગ થાય તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

# ધાનેરા નગરપાલિકાના નવા પ્રમુખ કિરણબેન સોનીએ વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો



ધાનેરા, તા. ૨૭

ધાનેરા નગરપાલિકાના પ્રમુખ જગલબેન કાનાજી ઠાકોર નું કોરોના ને લઇ અવસાન થતાં તારીખ ૧૯ જુનના રોજ ધાનેરા નગરપાલિકા ખાતે પ્રમુખ માટેની ચૂંટણી યોજાઈ હતી અને આ ચૂંટણીમાં ધાનેરા નગરપાલિકાના પ્રમુખ તરીકે કિરણબેન સંજયભાઈ સોની નો વિજય થયો ત્યારે આજે કિરણબેન સંજય દ્વારા ૯:૩૦ વાગે વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો ભાજપના સદસ્ય ગ્રામજનો હાજર રહ્યા હતા અને અભિનંદન પાઠવ્યા હતા તો બીજી તરફ કિરણબેન સોની પણ ધાનેરા નો વિકાસ તેમજ લોકોને પડતી મુશ્કેલી દૂર કરવા માટેની ખાતરી આપી હતી અને લોકો ગમે ત્યારે પોતાની સમસ્યા માટે તેમનો સંપર્ક કરી શકે છે તેવું પણ જણાવ્યું હતું

ધાનેરા પોલીસે નેનાવા ચેકપોસ્ટ પરથી

# દેશી પિસ્તોલ અને ૩ જીવતા કાર્ટૂશ સાથે બે ઈસમોની અટકાયત કરી

ધાનેરા, તા.૨૭

ગુનાહિત પ્રવુતિઓ ને અટકાવવા માટે ધાનેરા પીઆઈ શ્રી બીવી પટેલ ની સૂચના મુજબ





ધાનેરા પીએસઆઈ બે સી છત્રાલીયા પોતાના સ્ટાફ સાથે ધાનેરા તાલુકા ની નેનાવા ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ માં હતા તે સમય દરમ્યાન ત્યાંથી પસાર સ્વીફ્ટ ડિઝાઈર ગાડી ને રોકવી તળશી લેતા તે માંથી હાથ બનાવટ દેશી પિસ્તોલ મળી આવી હતી ત્યારે ધાનેરા પોલીસે સમુન્દરસિંહ મદનસિંહ અને નરપતસિંહ ચંડીદાનજી બંને ઈસમોની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

## જોખમી છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ફ્લાઈગ શીખ મિલ્ખાસીંગના નિધન અંગે દુખ વ્યક્ત કરતા દેશના યુવાનોને ઓલિમ્પિક રમતોત્સવ અંગેને ક્વિઝમાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાને મિલ્ખાસીગ સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા. દ્વઅર્પ્ર્દ્દ એપ ઉપરની ઓલિમ્પિક રમતોત્સવ અંગેની ક્વિઝમાં ભાગ લેવા કહ્યુ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, ચોમાસામાં જળસંગ્રહની પ્રવૃતિને પ્રોત્સાહીત કરવા આ પ્રકારની કામગીરી કરનારાઓનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, આ કામગીરીથી જળસંચય સારી રીતે થાય છે. ખેડૂતોને પાણી હોવાથી લાભ થઈ રહ્યો છે. જ્યા પણ જે રીતે પાણી બચાવી શકાય તે રીતે પાણી બચાવવું જોઈએ. આગામી ૧ જુલાઈએ નેશનલ ડોકટર દિવસ ઉજવીશુ. બી સી રોયના સન્માનમાં, આ ઉજવાતો આ દિવસ કોરોનાના કાળમાં ડોકટરોએ તેમના જીવની ચિંતા કર્યા વિના દર્દીઓની સારવાર કરી છે. આથી આ વખતે આ નેશનલ ડોકટર દિવસ મહત્વનો બની રહે છે. આપણી જવાબદારી છે ડોકટરોની હિમત વધારે, તેમની કામગીરીને પ્રોત્સાહીત કરે. શ્રીનગરના ડલ સરોવરમાં બોટ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરાઈ છે. આ દિવસે ચાર્ટડ એકાઉન્ટ દિવસ પણ ઉજવાય છે. અર્થતંત્રમાં મહત્વનુ યોગદાન આપવામાં આવ્યુ છે.